અગત્યનું

ક્રમાંક:/મઉમશબ/સંશોધન/૨૦૧૮/૫૨૯૯-૫૩૨૨
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૦૩/૧૨/૨૦૧૮

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય:- ધોરણ-૯માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે પ્રખરતા શોધ કસોટી (TST) બાબત.
સંદર્ભ:- ગુ.મા.ઉ.મા.શિ.બોર્ડની તા.૨૯/૧૧/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકનો ઠરાવ ક્રમાંક:૧૦૦/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે દર વર્ષે પ્રખરતા શોધ કસોટી લેવામાં આવે છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની તા.૨૯/૧૧/૨૦૧૮ની શૈક્ષણિક સમિતિની બેઠકના ઠરાવ ક્રમાંક:૧૦૦/૨૦૧૮ અન્વયે પ્રખરતા શોધ કસોટીની પરીક્ષા પદ્ધતિમાં નીચે મુજબની વિગતે ફેરફાર કરવામાં આવે છે. જેનો અમલ ફેબ્રુઆરી-૨૦૧૯માં લેવાનાર કસોટીથી કરવામાં આવશે.

1. પ્રખરતા શોધ કસોટીના ફોર્મ ઓનલાઈન ભરવાના રહેશે.
2. આ પરીક્ષામાં OMR શીટમાં બારકોડ-સ્ટીકરનો ઉપયોગ કરવામાં આવશે. વિદ્યાર્થીઓની હાજરી માટે ધોરણ-૧૦/૧૨ની બોર્ડની પરીક્ષામાં વાપરવામાં આવતા ઝીરો-વન પત્રકના નમૂના મુજબ હાજરી પત્રક બનાવવામાં આવશે.
3. પરીક્ષા પૂર્ણ થયા બાદ OMR શીટ જમા કરાવવા માટે બોર્ડ દ્વારા સ્વીકાર કેન્દ્રની વ્યવસ્થા કરવામાં આવશે.
4. પરીક્ષાનું માળખું નીચે મુજબ રહેશે.

| પ્રશ્નપત્ર | વિષય | પ્રશ્નોની સંખ્યા | ગુણ | સમય |
|---|---|---|---|---|
| પ્રશ્નપત્ર-૧ | ગુજરાતી | ૩૦ | ૩૦ | ૧૨૦ મિનિટ |
| | અંગ્રેજી | ૩૦ | ૩૦ | |
| | સામાજિક વિજ્ઞાન | ૩૦ | ૩૦ | |
| | સામાન્ય જ્ઞાન | ૧૦ | ૧૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |
| પ્રશ્નપત્ર- ૨ | ગણિત | ૪૦ | ૪૦ | ૧૨૦ મિનિટ |
| | વિજ્ઞાન | ૪૦ | ૪૦ | |
| | માનસિક ક્ષમતા | ૨૦ | ૨૦ | |
| | કુલ | ૧૦૦ | ૧૦૦ | |

5. પરીક્ષા MCQ (OMR પદ્ધતિ) મુજબ લેવામાં આવશે.
6. પ્રખરતા શોધ કસોટીનો અભ્યાસક્રમ ધોરણ-૯ની કક્ષા પમાણે રહેશે.
7. પ્રખરતા શોધ કસોટીના પ્રશ્નપત્ર-૧ માટેનો સમય સવારે ૧૧:00 કલાક થી ૧:00 કલાક અને ત્યારબાદ એક કલાકની રીસેસ રહેશે અને બપોરે ૨:00 કલાક થી ૪:00 કલાક દરમ્યાન પ્રશ્નપત્ર-૨ લેવામાં આવશે.
8. પ્રખરતા શોધ કસોટીની ફી અગાઉ પેપરદીઠ લેવામાં આવતી હતી. જેમાં ફેરફાર કરીને પ્રખરતા શોધ કસોટીની ફી જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦/- અને વિદ્યાર્થીનીઓ, SC, ST, OBC કેટેગરીના ઉમેદવારો તેમજ દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે રૂ.૮૦/- રહેશે.
9. પ્રશ્નપત્ર-૧ અને પ્રશ્નપત્ર-૨ના કુલ ૨૦૦ ગુણમાંથી પર્સેન્ટાઇલ પ્રમાણે પ્રથમ ૧૦૦૦ વિદ્યાર્થીઓને બોર્ડ દ્વારા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ.૧૦૦૦/- પ્રોત્સાહક ઇનામ આપવામાં આવશે.

પ્રખરતા શોધ કસોટીની ઉક્ત વિગતો આપના તાબાની તમામ માધ્યમિક શાળાઓને જાણ તથા અમલ સારૂ મોકલી આપશો. આ કસોટીમાં વિદ્યાર્થીઓ વધારે પ્રમાણમાં ઉપસ્થિત થાય તે માટે આપની કક્ષાએ આ અંગે પ્રચાર પ્રસાર કરવા વિનંતી છે.

(બી. એન. રાજગોર)
સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

નકલ સવિનય રવાના:-
- માન. અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર.

ક્રમાંક / આયોજન-૬/ ૨૦૧૮/ ૪૦૩૮૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૧૨-૧૨-૨૦૧૮

નકલ રવાના જાણ તથા અમલ સારું.

જિલ્લા શિક્ષણાધિકારી,
બનાસકાંઠા જિલ્લા, પાલનપુર.

પ્રતિ, આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ,
મા. શાળાઓ તમામ બનાસકાંઠા.